# રૂપાલ ગામે નવનિર્મિત રામજી મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉત્સાહભેર ઉજવાયો




ગાંભોઈ, તા.૨૯
ગાંધીનગર સમાચાર

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે રામજી મંદિર જીર્ણોધ્ધાર સમિતિ અને રૂપાલ ગ્રામજનો દ્વારા ત્રિદિવસીય મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભારે ઉત્સાહભેર વાતાવરણ વચ્ચે યોજવામાં આવ્યો હતો. સ્વ.લાલસિંહજી કિશોરીજી રહેવર પરિવારના અગ્રણી ધનરાજસિંહ રહેવરના મુખ્ય યજમાનપદે યોજવામાં આવેલ આ પ્રસંગે શ્રીરામચન્દ્ર ભગવાન પરિવાર, ગણપતિ દાદા અને હનુમાનજીની મૂર્તિઓની વિશાળ શોભાયાત્રા દ્વારા રૂપાલની મુખ્ય બજારમાં પરિક્રમા કરવામાં આવી હતી.

યજ્ઞ આચાર્ય સર્વશ્રી જીતેન્દ્રકુમાર મણિલાલ જોષી રૂપાલ, ભરતભાઈ જોષી મુંબઈ અને અશોકભાઈ શાસ્ત્રી દ્વારા વૈદિક મંત્રોચાર સાથે મૂર્તિઓનું દાતાશ્રીઓના વરદ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈ સહિત બહાર ધંધાર્થે રહેતા રૂપાલના વતની પરિવારો આ પ્રસંગે ઉપસ્થિત રહી આ નવનિર્મિત મંદિરના પાવન કાર્યમાં દાતારૂપે સહયોગ આપી વતન પ્રેમની સુંદર ભાવનાના દર્શન કરાવ્યા હતા. ત્રિદિવસીય આ મહોત્સવ પ્રસંગે રાત્રે સુંદરકાંડ, ભજન અને સત્સંગ સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના અંતિમ દિને યજમાનો સહિત સ્થાનિક તેમજ આસપાસની શ્રદ્ધાળુઓ ગ્રામ્ય જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી મંદિરના દર્શન, આરતી અને પ્રસાદનો લાભ લીધો હતો.

# ધનસુરા તાલુકામાં મતદારયાદી સુધારણા-૨૦૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો




ધનસુરા,તા. ૨૯

ધનસુરા તાલુકામાં વિવિધ જગ્યાએ મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો જેમાં મતદાન મથકો પર બી.એલ.ઓ દ્વારા આ બાબતના ફોર્મ સ્વીકારવાની અને મતદારયાદી ની અન્ય બાબતો અંગે ની કામગીરી કરવામાં આવી હતી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો જેમાં જે લોકો ને ૧૮ વર્ષ થયા હોય તે લોકોનું નવું નામ દાખલ કરવું,નામ માં ફેરફાર કરવા, નામ રદ કરવું અન્ય વિગતો સુધારવી જેવી કામગીરી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અહી નોંધનીય છે કે મતદાર પાસે ઓળખપત્ર હોય પણ મતદાર યાદીમાં નામ ના હોય તો મતદાન કરી શકાશે નહીં જેથી મતદારો નું નામ યાદી માં છે કે નહિ આ તમામ બાબતો માટે ગ્રામ પંચાયત,મામલતદાર કચેરી અને બી.એલ.ઓ પાસે આ કામગીરી કરાઇ હતી ધનસુરા તાલુકામાં વિવિધ જગ્યાએ ધનસુરા મામલતદાર ના, માર્ગદર્શન હેઠળ રાહુલભાઈ ત્રિવેદી (નાયબ મામલતદાર મતદારયાદી)અને તમામ સ્ટાફ અને બી.એલ.ઓ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



નરેશ જી. સમતાની
અશોક ફૂટવેર, બાયડ
બાયડ જી.અરવલ્લી



ગિરિશભાઈ બ્રહ્મભટ્ટ
વડાલી



ચિરાગ અરવિંદભાઈ
ભાટિયા
બાયડ

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન

# ડીસા ખાતે આદિવાસી ભીલ સમાજની ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

### સમગ્ર રાજ્યની ૨૩ ટીમો વચ્ચે વિજયનગર ટિમ વિજતા થઈ

ડીસા, તા. ૨૯

ડીસા ખાતે સમસ્ત આદિવાસી ભીલ સમાજની બે દિવસીય ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું એકલવ્ય યુવા સંગઠન ડીસા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાત અને રાજસ્થાન સહિતની ૨૩ ટીમોએ ભાગ લીધો હતો. બનાસકાંઠા જિલ્લામાં અનેક સંગઠન દ્વારા અલગ અલગ સમાજ જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.ત્યારે ડીસા ખાતે પણ આદિવાસી ભીલ સમાજના સંગઠન એકલવ્ય યુવા સંગઠન દ્વારા અનેક સમાજને લગતા તેમજ સેવાકીય કાર્યક્રમ હરહંમેશ કરતું આવ્યું છે.ત્યારે ફરી ડીસા ખાતે સમસ્ત આદિવાસી ભીલ સમાજ ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું બે દિવસીય આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાત સહિત રાજસ્થાનમાંથી અલગ અલગ ૨૩ ટિમોએ ભાગ લીધો હતો.જેમાં ડીસા ખાતે આવેલ સ્પોટ્સ ક્લબ અને ટીસીડી ગ્રાઉન્ડ ખાતે બે દિવસીય ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું.જેમાં ગુજરાત સહિત રાજસ્થાનમાંથી આવેલ ૨૩ ટીમોએ સુંદર પર્ફોમ્સ બતાવ્યું હતું.ફાઈનલ મેચ વિજયનગર ઈલેવન તેમજ રાણીવાડા ઈલેવન વચ્ચે સ્પોટ્સ ક્લબ ખાતે યોજાઈ હતી.જેમાં વિજયનગર ઈલેવન ની ટિમ વેજેતા થઈ હતી.તેમને એકલવ્ય યુવા સંગઠન દ્વારા રોકડ ઈનામ ૧૦ હજાર રોકડા તેમજ ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા.તેમજ ઉપવિજેતા રાણીવાડા ઈલેવનની ટીમને પણ ૫૧૦૦ રોકડા તેમજ ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા.તેમજ મેન ઓફ ધ મેચને પણ ટીશર્ટ આપી સન્માનિત કરાયા હતા.તેમજ આદિવાસી ભીલ સમાજના આગેવાનો તેમજ દાતાઓનું પણ સન્માન કરાયું હતું.



# રામપુરા ખાતે નિલકંઠ મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ઉછામણી સમારોહનું આયોજન

### માત્ર એક કલાકમાં ૫૦ લાખથી વધુ દાન ગામજનોએ આપ્યુઃ નવ નિર્માણમાં એક કરોડ સુધીનુ દાન લોકોએ ઉદાર હાથે આપ્યુ




પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુર ગામમા આવેલ ૨૫૦ વર્ષ જુના નિલકંઠ મહાદેવ મંદિર નુ નવ નિર્માણ કરવામા આવી રહ્યુ છે જેને લઈને રામપુર ખાતે ઉછામણી સમારોહ યોજાયો.

પ્રાંતિજના રામપુર ગામમાં આવેલા ૨૫૦ વર્ષ જુના નીલકંઠ મહાદેવના મંદિરનું નવ નિર્માણ કરવામાં આવ્યું છે જેને લઈ ને મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ઉછામણી સમારોહનું આયોજન કરાયું હતું જેમાં ગામના લોકો સહિત બહાર રહેતા લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે ઉછામણી સમારોહમાં માત્ર એક જ કલાકમાં ૫૦ લાખથી વધુ દાન માત્ર ગામલોકોએ જ આપ્યું હતું અત્યાર સુધીમાં આ મંદિરનાં નવ નિર્માણમાં ૧ કરોડ સુધીનું દાન લોકોએ ઉદાર હાથે આપ્યું છે ત્યારે ગામલોકોએ ઉછામણીમાં પોતાની રીતે માતબર ફાળો મંદિરની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે નોધાવ્યો હતો તો રામપુર ગામ આગેવોનો ગામલોકો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા તો સમગ્ર ઉછામણી કાર્યક્રમ નુ સફર એલાઉન્સ મેન્સ પ્રાંતિજ તાલુકાના જુના બાકરપુર ખાતે રહેતા અને ગઢવી ના ઉપ નામ થી જાણીતા મહેશભાઈ પટેલ દ્વારા કરવામા આવ્યુ હતુ.

# બાયડ તાલુકાની બીબીની વાવ પ્રાથમિક શાળા NCSC-2021માં જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે સ્થાન

બાયડ તા.૨૯

બાયડ તાલુકાની બીબીનીવાવ પ્રાથમિક શાળા, ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગવર્મેન્ટ ઓફ ગુજરાત દ્વારા આયોજિત જિલ્લાકક્ષાની national children science congress-2021 સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે સ્થાન પામી આગામી તારીખ ૩૦ નવેમ્બર અને ૧અને ૨ડિસેમ્બરના રોજ રાજ્ય કક્ષાએ સાયન્સ સીટી મુકામે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાનાર ૨૯માં national children science congress2021માં અરવલ્લી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

બાયડ તાલુકાની બીબીની વાવ પ્રાથમિક શાળામાં દરેક મહિનાના અમુક દિવસે ઉચ્ચ પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીનીઓની સતત ગેરહાજરી બાબતે અહીં ફરજ બજાવતા શિક્ષિકાનું ધ્યાન ગયું હતું. જે અંગે તેઓએ તપાસ કરતા ગેરહાજરીનું કારણ વિદ્યાર્થીનીઓમાં તેમના પિરિયડ્સ સમય પ્રત્યેનું અપૂરતું જ્ઞાન અને સેનેટરી પ્રોડક્ટ્સની અપૂરતી સમજ જાણવા મળ્યું હતું. આ અંતર્ગત શાળામાં ગણિત વિજ્ઞાન વિષય ભણાવતા શિક્ષિકા શ્રી દર્શિની બેને બીબીનીવાવ ગામમાં વિદ્યાર્થીનીઓ અને ગામની મહિલાઓ પર્સનલ હેલ્થ અને હાઈજીન તથા સેનેટરી પેડ ના ઉપયોગ તથા તેનો યોગ્ય નિકાલ સમજી શકે તે માટે એક સંશોધન હાથ ધર્યું હતું અને તેમાં ૧૦૦%સફળતા પણ પ્રાપ્ત કરી હતી આ સંશોધન માં સોલંકી શીતલબેન સહદેવસિંહ તથા સોલંકી ગોપીબેન નરેશભાઈ જિલ્લા તેમજ રાજયકક્ષાએ શાળાને રીપ્રેઝન્ટ કરી રહ્યા છે.



શાળાની વિદ્યાર્થીનીઓને અને શાળાને રાજ્ય કક્ષાએ લઈ જવા માટે શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષિકા દર્શિનીબેન પટેલ ખૂબ જ મહેનત કરી રહ્યા છે તેમની મહેનતને શાળા પરિવાર તેમજ સીઆરસી આશિષભાઈ વાણંદ તથા બાયડ તાલુકાના બી.આર.સી દિપકભાઈ પટેલે અને સહમંત્રી પંકજ બારોટ એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# વિસનગર સાંકળચદ યુનિવર્સિટીનો ચોથો પદવીદાન સમારંભ યોજાયો

### એસ.કે.વિશ્વ વિદ્યાલયના ૧૩૪૩ વિદ્યાર્થીઓને આરોગ્યમંત્રી સહિત મહાનુભાવોના હસ્તે પદવી એનાયત કરાઇઃ ૧૦ પી.એચ.ડી,૧૪ સુવર્ણચંદ્રક સહિત ૮૭૧ સ્નાતક અને ૪૬૨ અનુસ્નાતક વિદ્યાર્થીઓની વિશેષ ઉપસ્થિતિ





મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લાના વિસનગર સાંકળચંદ વિશ્વવિધાલય ખાતે ૧૩૪૩ વિધાર્થીઓને આરોગ્યમંત્રીશ્રી સહિત મહાનુંભાવોના હસ્તે પદવી એનાયત કરવામાં આવી હતી. વૈશ્વિક કક્ષાના ગુણવત્તાસભર શિક્ષણ સાથે કાર્યરત સાંકળચંદ વિશ્વવિધાલયના ચોથા પદવીદાન સમારોહમાં ૧૦ પી.એચ. ડી, ૧૪ સુવર્ણચંદ્રક સહિત ૮૭૧ સ્નાતક અને ૪૬૨ અનુંસ્નાતક વિધાર્થીઓને ડિગ્રી આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે શિક્ષણ થકી રાષ્ટ્રને સમર્પિત નવયુવાને પુરી નિષ્ઠા અને ભાવનાથી કામ કરવું જોઈએ.તેમણે ઉમેર્યું હતું કે ભૂતકાળમાં જ્ઞાનની સીમાઓ અપૂરતી હતી આજે વૈશ્વિક સ્તરે જ્ઞાનનો ખજાનો ખૂલ્યો છે. મંત્રીએ ઉમેર્યું હતું કે વિધાર્થીઓને મેળવેલ શિક્ષણ રાષ્ટ્રહિતમાં ઉપયોગ કરે તે હિતાવહ છે. શૈક્ષણિક સુવિધાથી માનવીના આધારભૂત જીવનના મૂલ્યો વિકાસ પામે છે, રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં વિધાર્થીઓના સંસ્કારોનું સંવર્ધન થાય છે. તેમણે ઉમેર્યું હતુ કે વિધાર્થીએ જીવનમાં ઈર્ષા છોડી કર્મને મહત્વ આપવુ જોઈએ તેમ જણાવી અંગ્રેજી અને કોમ્પ્યુટર બદલાતા વિશ્વની માંગ છે જેને અનુંરૂપ શિક્ષણ મળેવવા અનુંરોધ કર્યો હતો. પૂર્વ ગૃહમંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતુ કે વ્યક્તિ નિર્માણ થકી રાષ્ટ્રનિર્માણ થાય છે. નવી સદીમાં યુવાનો થકી ભારતે વૈશ્વિક કક્ષાએ નામના મળેવી છે. સાકળચંદ વિશ્વવિધાલયના પ્રમુખ પ્રકાશભાઈ પટેલે જણાવ્યું હતું કે યુનિવર્સીટીએ હમેશાં મૂલ્ય આધારીત શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો છે. સમાજ ઉત્કર્ષ, રાષ્ટ્ર ઉત્કર્ષ અને સામાજિક જવાબદારી સાથે વિશ્વવિધાલય આગળ વધી રહી છે. કાર્યક્રમમાં ૧૦ પી. એચ.ડી, ૧૧૪ દંત સર્જન, ૫૩ નર્સીંગ,૧૯૪ એન્જીનીયરીંગ શાખા,૭૪ ફાર્મસી,૩૨ ફીઝીયોથેરાપી, ૧૧૫ કોમર્સ, ૪૯૧ વિજ્ઞાન પ્રવાહ,૫૦ પી.જી.ડી.એમ. એલ.ટી, ૪૫ બીબીએ, ૪૧ એમ.બી.એ, ૭૪ બી.સી.એ, ૩૧ એમ.સી.એ૦૭ બેચરલ ઓફ સાયન્સ ડિઝાઈન એન્ડ મેનેજમેન્ટ સહિતના વિધાર્થીઓ પદવી એનાયત કરાઇ હતી. કાર્યક્રમમાં સંસદ સભ્ય શ્રીમતી શારદાબેન પટેલ, ધારાસભ્ય ડો આશાબેન પટેલ, એ.પી. એમ.સી ચેરમેન દિનેશભાઈ પટેલ, યુનિવર્સીટીના વાઈસ ચેરમેન ચંદ્રકાન્તભાઈ પટેલ, ટ્રસ્ટી અરવિંદભાઈ પટેલ, દુષ્યંતભાઈ પટેલ, ડો અનિલ નાયક, યુનિવર્સીટીના અધિકારીઓ, કર્મયોગીઓ, ટ્રસ્ટીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મરડીયા પેટ્રોલ પંપ ઉપર વાહન ચાલક પાસેથી રૂા. ૧૦ના સિક્કા સ્વીકારવાનો ઈન્કાર

### પેટ્રોલ પંપ માલિક ઉવાચ - હું સિક્કાનો રંગલો કરું..? : ઉદ્ધત જવાબનો વાહન ચાલકે વિડીયો ઉતારી લીધો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૯

મોડાસા તાલુકાના મરડીયા હાઈવે માર્ગ ઉપર આવેલા પેટ્રોલ પંપ ઉપર સરડોઈના વાહન ચા લકે રુ ૧૦૦નું પેટ્રોલ પુરાવ્યા પછી પેટ્રોલ પંપના જવાબદારોએ રુ ૧૦ના સિક્કા સ્વીકારવાની ના પ ન્ડી વાહન ચાલક સાથે ઉદ્ધત વર્તન કરતાં મામલો ગરમાયો હતો. પેટ્રોલ પંપ માલિકે હું સિક્કાનો જંગ લો કરું..?? તેમ કહી બેજવાબદારી પૂર્વક વર્તન કર્યુ હતું જેથી ચબરાક વાહન ચાલકે સમગ્ર ઘટનાનો વાતચીત સાથેનો વિડીયો બનાવી ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની તૈયારી કરી છે.

જિલ્લામાં રુ ૧૦ના સિક્કા અને ૫ ની નોટ કાયમી ચલણામાં હોવા છતાં વેપારીઓ ધરાર તેનો સ્વીકારવાથી ઈક્રાર કરી રહ્યા છે. ૧૦નો સિક્કો ચલણમાં હોવા છતાં સ્વીકારવા બાબતે પ્રાપ્ત કો સા. થે કાયમી ઝધડા શરુ થયા છે, મોડાસા તાલુકાના સરડોઈના વેપારી અશ્વિન મેધા એક્ટીવા લઈને મો ડાસા-શામળાજી હાઈવે માર્ગ ઉપર કામ અર્થે નિકળ્યા હતા દરમ્યાન મરડીયા હાઈવે માર્ગ ઉપર આવે લા પેટ્રોલ પંપ ઉપર એક્ટીવામાં પેટ્રોલ પુરાવવા માટે પહોંચ્યાં જ્યાં રુ ૧૦૦ પેટ્રોલ ભરાવ્યા પછી કર્મચારીને રુ ૧૦ના સિક્કા આપતાં લેવાનો ઈક્રાર કર્યો હતો. વેપારી દ્વારા જે ૧૦ના સિક્કા ચલણ માં છે તમે સ્વીકારી લો તેમ કહેતાં કર્મચારી સાથે રકઝક થતી હતી જે સમયે પેટ્રોલ પંપના કહેવાતા માલિકે ત્યાં આવી પહોંચી રુ ૧૦ના સિક્કાનો હું જંગલો કહે, બેંકો જ અમારી પાસેથી સિક્કા સ્વીકા રતી નથી તેમ કહી ઉદ્ધત જવાબ આપ્યો હતો. સિક્કા સ્વીકારવા માટે વેપારીએ વિનંતી કરી હોવા છે તાં પેટ્રોલ પંપ માલિક તુમાખી ભર્યું વર્તન કર્યુ હતું. રીઝર્વ બેંક દ્વારા વારંવાર ચલામાં ચાલુ સિક્કા અને રુ ૫ ની નોટ ન સ્વીકારનાર સામે કાયદાકીય પગલાં ભરવાની વાતો થતી આવી છે પરંતુ આ પ્ર કારે વાહન ચાલકો અને અન્ય ગ્રાહકો પાસેથી ચલણી સિક્કા સ્વીકારવાનો ખુલ્લેઆમ ઈક્રાર થઈ રહ્ય દો છે ત્યારે જિલ્લાના




જવાબદાર તંત્ર દ્વારા વાહન ચાલક પાસે ૧૦ના સિક્કા સ્વીકારવાની ધરાર ના પાડનાર અને ગ્રાહક સાથે અણછાજતું વર્તન કરનાર મરડીયા પેટ્રોલ પંપના જવાબદાર સામે પગલાં ભરવામાં નહીં આવે તો ઉચ્ચ કક્ષાએ વિડીયોના આધારે ફરિયાદ થનાર હોવાનું જાણવા મળ્યું છે.